સશિપ/ફેબ્રુ૦૨/૨૦૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# સત્સંગ પ્રાજ્ઞ : તૃતીય ખંડ

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨]** **રવિવાર, ૨૪ ફેબ્રુઆરી, ૨૦૦૨** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ને આધારે)**

**પ્ર.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. અવિનાશી જીવનો નાશ - વચ. વર. ૧૧ના આધારે.

૨. પારસમણિને અડીને લોઢાનું સોનું થયું. તે સોનું પાછું પારસમણિનું કર્યું પણ સોનું થાય નહીં - વચ. લોયા ૧૭ના આધારે.

૩. દેહાભિમાનરૂપ દોષ અને આત્મનિષ્ઠારૂપી ગુણ - વચ. લોયા ૬ના સંદર્ભે.

૪. ગઢડા અંત્ય ૮ પ્રમાણે ભગવાનના ભક્તને અતિશય મોટું વિઘ્ન.

૫. ચાર પ્રકારના મોટાપુરુષ.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું ......... દાસાનુદાસ થઈ રહેવું.

૨. આ સત્સંગ છે તે તો અલૌકિક ........................ ભગવાનના ભક્તના સમ છે.

૩. અને વળી જે ભગવાન ................ જેવા તો થતા જ નથી.

૪. જેવે રૂપે કરીને ............................ પ્રીતિ થાય જ નહીં.

૫. એક દ્રવ્યાદિકનો ................... ક્યારેય થાય જ નહીં.





**(ક) નીચેના કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી વચનામૃતના જ શબ્દોમાં બે અવતરણો ટાંકો :** ૪

(૧) ભગવાનનો મહિમા.

(૨) પંચવિષય.

**('સનાતન ધર્મ અભિગમ'ને આધારે)**

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર નોંધ લખો.** ૨૦

૧. અર્ચા સ્વરૂપે પરમાત્માનું સુલભપણું.

૨. શાકાહારી વિરુદ્ધ માંસાહારી પ્રાણી અને માંસાહારની ત્રુટિઓ.

૩. સ્વામિનારાયણ સંપ્રદાયમાં બ્રહ્મચર્યનો આગ્રહ.

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૨, ૩ અને ૪' નવી આવૃત્તિને આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. શ્રીહરિનું ઐશ્વર્ય દર્શન.

૨. 'સારંગપુરમાં લીલા કરી અતિ ભારી !'

૩. રાજવીઓ ઉપર શ્રીહરિનો પ્રભાવ.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે ટૂંકનોંધ લખો.** ૨૦

૧. પાંચસો પરમહંસોને વૈરાગીઓનો ત્રાસ.

૨. રાજમાતા કુશળકુંવરબા ભક્તિનો આદર્શ.

૩. શ્રીહરિની ભક્તમાળાનું અણમૂલ રતન : દાદાખાચર.

૪. જોબન : ગધેડામાંથી ગાય.

✿ ✿ ✿